ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

વૃત્તિ
શ્રેષ્ઠ હો
તો
પ્રવૃત્તિ
શ્રેષ્ઠ થવાની જ

## જન્મદિને વધામણી



ડો. જૈમિન શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# બે શાળાઓના શિક્ષકો વચ્ચે અભ્યાસક્રમ ચર્ચા





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ જી પ્રાથમિક શાળા અને એસ ડી પટેલ પ્રાથમિક શાળા, કડી દ્વારા સંયુક્તપણે શિક્ષકો માટે અભ્યાસક્રમ અને વેકેશન ગૃહકાર્ય વિષયક ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત, ગુજરાતી એમ દરેક વિષયના અને ધોરણ-૧થી ૮ના દરેક વર્ગના શિક્ષકોએ આ માટે ચર્ચા વિચારણા કરી હતી. કાર્યક્રમને બે ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પ્રથમ વિભાગમાં અભ્યાસક્રમ અને બીજા વિભાગમાં વેકેશન ગૃહકાર્ય સંબંધિત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બંને શાળાઓનાં આચાર્યના માર્ગદર્શન અને શિક્ષકોના સુયોજનથી કાર્યક્રમ સફળ થયો હતો.

### ૨૦ એપ્રિલથી પ્રેરણા વિદ્યાલય ખાતે

# કલા તાલીમ શિબિરનો આરંભ કરવામાં આવશે

## વિવિધ કલાઓની તાલીમ માટેના આ તાલીમ શિબિરમાં નગરના કે બહારગામના સૌ વિદ્યાર્થી જોડાઈ શકે છે

ગાંધીનગર, તા. ૧૮

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ દ્વારા આગામી તા. ૨૦ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમ્યાન કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કલા તાલીમ શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શોના માધ્યમથી કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ શિબિરમાં શહેર અથવા બહારગામી કોઈપણ શાળામાં ભણતા વિદ્યાર્થી ભાગ લઈ શકશે. સર્જનશીલ બાળકો-યુવાનો વેકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી આ કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શહેરમાં અને શહેર બહાર વસતાં અને કોઈપણ સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો ભાગ લઈ શકશે.

તા. ૨૦ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમ્યાન સવારના સમયે આ શિબિર અંતર્ગત તાલીમનું આયોજન કરાયું છે, જેમાં તબલાં વાદન, ડ્રોઈંગ, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, પર્સનાલિટી ડેવલપમેન્ટ, નાટક, મહેંદી અને ઓરીગામી (જાપાની પેપર આર્ટ)ની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે. ઓછામાં આછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની વયનાં બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલ, સેક્ટર-૫ એ (ફોન નંબર ૨૩૨૪૬૦૦૭ અથવા મોબાઈલ નં. ૯૪૨૬૩ ૫૯૫૨૨) ખાતેથી ફોર્મ મેળવી ભરી દેવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

### ગુજરાત ગૌરવ દિનની ઉજવણી અંતર્ગત વિરમગામ તાલુકામાં

# સર્વરોગ નિદાન કેમ્પ તથા રક્તદાન શિબિર

## ૬૬૫ લાભાર્થીઓની નિષ્ણાત તબિબો દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૮

૫૭મા ગુજરાત સ્થાપના દિન (ગૌરવ દિન)ની ઉજવણી અંતર્ગત વિરમગામ તાલુકામાં ૧૭ એપ્રીલ ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ કલાક સુધી સામુહિક આરોગ્ય કેન્દ્ર (ગાંધી હોસ્પીટલ) વિરમગામ ખાતે મેગા સર્વરોગ નિદાન કેમ્પ તથા મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નગરપાલીકાના ઉપપ્રમુખ નવદિપસિંહ ડોડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, મેડિકલ ઓફિસરો, સુપરવાઈઝરો સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થીત રહ્યા હતા.

વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે ૧૭ એપ્રીલ ૨૦૧૭ને સોમવારના રોજ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ અને સારવાર કેમ્પનું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં હદય, કિડની, ઓર્થોપેડીક, દાંત, આંખ, બાળરોગ, સ્ત્રીરોગ, ફિઝીયોથેરાપી નિષ્ણાત ડોકટરો દ્વારા નિઃશુલ્ક તપાસ અને સારવાર આપવામાં આવી હતી.

મેગા સર્વરોગ નિદાન કેમ્પમાં ૬૬૫ લાભાર્થીઓની નિષ્ણાંત તબિબો દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી અને મહા રક્તદાન શિબિરમાં ૮૩ વ્યકિતઓએ સ્વૈચ્છીક રક્તદાન કર્યુ હતુ. તેમજ ડાયાબિટીસ, બ્લડગૃપ, યુરીન અને હિમોગ્લોબીનની લેબોરેટરી તપાસ કરવામાં આવી હતી. મેગા સર્વરોગ નિદાન કેમ્પ તથા મહા રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે વિરમગામ તાલુકાના મેડિકલ ઓફિસરો, સુપરવાઈઝરો, આરોગ્ય કાર્યકરો, આશા તથા નાગરીકોએ જહેમત ઉઠાવી હતી.

# અવિનાશ વ્યાસની સ્મૃતિમાં સ્મિત મ્યુઝિક દ્વારા શનિવારે ગાંધીનગરમાં ગીત-સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ખ્યાત ગુજરાતી ગીતકાર, સંગીતકાર સ્વ. અવિનાશ વ્યાસની સ્મૃતિમાં એક ગીત-સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સ્મિત મ્યુઝિકનાં સંચાલક જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જરે જણાવ્યું છે કે આગામી તા. ૨૨ એપ્રિલ ને શનિવારના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૨૨ ખાતે 'અવિનાશના અજવાળે બાગમાં ટહુકો' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમના માધ્યમથી ગાંધીનગરના નવોદિતો, સંગીત શીખતા શિક્ષાર્થીઓને સ્ટેજ આપવામાં આવશે. કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્વરકારોનાં મધુર ગીતો રજૂ કરવામાં આવશે.

રમઝટ ફાઉન્ડેશનના વિશ્વબંધુ પટેલ, મયુર પટેલ, યશપાલ સિંહા સહિત નગરના અગ્રણીઓ આ કાર્યક્રમમાં પધારી કલાકારોને પ્રોત્સાહિત કરશે અને મધુરાં ગીતોનો આનંદ માણશે. રસજ્ઞો માટે આ કાર્યક્રમમાં ફ્રી એન્ટ્રી રાખવામાં આવી છે એમ તેમણે પ્રેસનોંધમાં વધુમાં જણાવ્યું છે.

# દહેગામમાં ૨૧મીએ 'યુગપુરુષ' નાટક

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા ગાંધીજીના અધ્યાત્મના અનુભવો પર આધારિત નાટક 'યુગપુરુષ : મહાત્માઓના મહાત્મા' નાટકના પ્રયોગનું આયોજન આગામી તા. ૨૧ એપ્રિલના રોજ દહેગામ ખાતે કરવામાં આવ્યું છે.

આપણને કદી એ જાણવાની ઉત્સુકતા થઈ છે કે યુવાન મોહનદાસ ગાંધીના અભિપ્રાયો અને ચારિત્ર્યનું ઘડતર કોણે કર્યું ? અહિંસા, સત્ય અને ધર્મ અંગેના તેમના સિદ્ધાંતો પાછળ કોનો પ્રભાવ હતો ? મહાત્મામાં તેમનું રૂપાંતરણ થયું એમાં કોનું યોગદાન હતું ? આ નાટકમાં મહાત્મા ગાંધીની અંતરંગ અને બહિરંગ યાત્રાને તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજીની પ્રેરણા હેઠળ ઉન્મીલીત થતી દર્શાવાઈ છે.

આશીર્વાદ હૉસ્પિટલ પાસે સ્થિત ગીતાબેન આર પટેલ હૉલ, દહેગામ ખાતે ૨૧ એપ્રિલ ને શુક્રવારે રાત્રે ૮ વાગ્યે આયોજિત આ નાટ્યપ્રયોગ રસિકો નિઃશુલ્ક નિહાળી શકે છે. આ માટે ફ્રી પાસ મેળવવા મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૮૪૭૯૫ દ્વારા આયોજકોનો સંપર્ક કરવા માટે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રેસ ઈન રેન સંસ્થા દ્વારા કૅન્સર જાગૃતિ માટે પત્રિકાઓ વહેંચાઈ



ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સૅક્ટર-૬ ખાતે સ્થિત સંત રોહિદાસ મંદિર ખાતે આતશબાજી તેમજ લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત રેસ ઈન રેન સંસ્થાના સભ્ય ગુલાબચંદ પટેલ દ્વારા કૅન્સર જાગૃતિ માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેના દ્વારા કૅન્ર માટેની જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ સંસ્થા કૅન્સર જાગૃતિ ઉપરાંત આર્થિક રીતે નબળા દર્દીઓને ચિકિત્સા માટે સહાય પૂરી પાડે છે. સંસ્થા ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, મુંબઈ અને દિલ્હી જેવાં શહેરોમાં કૅન્સર જાગૃતિ અંગે કાર્ય કરે છે. આ સંસ્થાનાં પ્રમુખ ડૉ. રીટા બેનિક છે અને ૪૦ જેટલા સ્વયંસેવકો સંસ્થા સાથે જોડાયેલા છે. સ્ટર્લિંગ હૉસ્પિટલનાં ડૉ. અપર્ણા શુક્લ પણ સંસ્થાને આ ઉમદા કાર્ય માટે પોતાની સેવાઓ આપી રહ્યાં છે.

# ગમ ન પડે એવી બેજાન ફિલ્મ : 'બેગમ જાન'



એવોર્ડ વિજેતા અદાકારો અને નેશનલ એવોર્ડ વિજેતા નિર્દેશક હોય એટલે 'બેગમ જાન' શાનદાર જ હોય એવું નથી બન્યું ! વિદ્યા બાલન અને નશીરૂદ્દીન શાહ જેવા જાનદાર અભિનેતાઓ હોવા છતાં, જેને આઠ બંગાળી ફિલ્મોની કારકિર્દીમાં છ નેશનલ એવોર્ડ મળ્યા છે એવા શ્રીજીત મુખરજી જેવા દિગ્દર્શક હોવા છતાં 'બેગમ જાન' (ગતા)ગમ ન પડે એવી બે-જાન ફિલ્મ બનીને રહી ગઈ છે.

બંગાળી ફિલ્મોના ખૂબ જ નિવડેલા નિર્દેશક શ્રીજીત મુખરજી વિવેચકો-આલોચકોના પ્રિય દિગ્દર્શક રહ્યા છે. અત્યાર સુધી તેમણે આઠ બંગાળી ફિલ્મો બનાવી છે. આઠમી ફિલ્મ 'રાજકહીની' રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ્સ માટેની ભારતની ઓફિશિયલ એન્ટ્રી છે. 'રાજકહીની' ને પણ બંગાળીઓએ બહુ વખાણી છે. ૨૦૧૫માં બનેલી આ બંગાળી ફિલ્મની રિ-મેઈક એટલે 'બેગમ જાન'. આ ફિલ્મની સ્ટોરી, સ્ક્રીન-પ્લે અને સંવાદો પણ દિગ્દર્શક શ્રીજીત મુખરજીએ લખ્યાં છે.

'બેગમ જાન' પિરિયડ ફિલ્મ છે. ૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા. અંગ્રેજ વાઈસરોયે વગર વિચાર્યે બે દેશ વચ્ચે સરહદ દોરી દીધી. આ રેડક્લિફ લાઈને અત્યંત ક્રૂરતાપૂર્વક પ્રેમ, ભાવના અને લાગણીઓ પર લકીર ખેંચી નાખી. રાજકીય નિર્ણયોની માનવીય અસર કેવી પડે છે એની ક્યાં કોઈને તમા હોય છે..! રાજકીય બાબતો ક્યારેય પ્રજાકીય નથી હોતી. સત્તાધીશો દ્વારા સત્તા ભોગવવા માટે લેવાતા નિર્ણયો કેટલા લોકોનો ભોગ લે છે એનો ઈતિહાસ ગવાહ છે... 'બેગમ જાન' આઝાદી સામે એક ખુદ્દાર નારીની સ્વતંત્રતાની લડાઈ છે. પરંતુ શ્રીજીત મુખરજી પાર્ટીશનની વ્યથા, કોઠાની માલકણ બેગમ જાનની ખુદ્દારીની ગાથા અને કોઠાની દરેક કન્યાની કથામાં એવા તો અટવાયા છે કે, પ્રેક્ષકોએ કૂટવાં પડે છે માથા !!!

ભારત-પાકિસ્તાનની સરહદ પર બેગમ જાન - વિદ્યા બાલનનો કોઠો છે. રાજા નશીરૂદ્દીન શાહની પનાહમાં પાંગરેલી બેગમ જાન મજબૂત મનોબળ ધરાવતી, સશક્તિકરણ પામેલી સ્ત્રી છે. સમદુઃખી સ્ત્રીઓને 'બેગમ જાન' પનાહ આપે અને પછી પોતાના વ્યવસાયમાં જોતરે છે. હવે પાર્ટીશનની રેડકિલફ લાઈન બરોબર બેગમ જાનના કોઠા (કે કોઠી)ની મધ્યમાંથી પસાર થાય છે. ભારત તરફી હિન્દુ આશિષ વિદ્યાર્થી અને પાકિસ્તાન તરફી મુસ્લિમ રજીત કપૂર; જેઓ અંગત મિત્રો હતા પરંતુ પાર્ટીશનમાં તેમની મિત્રતા વચ્ચે પણ લાઈન દોરાઈ ગઈ છે, તે બન્ને રેકકિલફ લાઈનના અમલ માટે વિદ્યાબાલનની કોઠી ખાલી કરાવવા જાય છે. રાજકીય નિર્ણયોથી બેખબર બેગમ જાન આ નિર્ણયનો વિરોધ કરે છે, ભારત-પાકના ઓફિસરો સામે બાથ ભીડે છે અને અનેક નાના-નાના કિસ્સાઓમાં ફંટાઈ ગયેલી ફિલ્મ આખરે અને અંતે પૂર્ણાહૂતિ પામે છે.




'બેગમ જાન'ના પાત્રને ઝાંસીની રાણી અને રાણી પદ્માવતી કે મીરાબાઈની કક્ષાએ લઈ જવા શ્રીજીતભાઈ મુખરજીએ ભારે મથામણ કરી છે, પરંતુ વિદ્યા બાલનના સંવાદો અને ભાષાએ આ મથામણને ધોબી પછાડ આપી છે. અનેક પાત્રોને પ્રગટ કરવા માટેનું પાત્રાલેખન અને પ્રસંગોની ભરમારમાં પ્રેક્ષક ભેરવાઈ પડે છે.. ફંટાઈ જાય છે.. અને આખરે અંટાઈ જાય છે..!

'પરિણીતા'થી જ પ્રથમ પંક્તિમાં મુકાઈ ગયેલી વિદ્યા બાલન 'કહાની', 'નો વન કીલ્ડ જેસીકા', 'પા', 'ઈશ્કિયાં' અને 'ધી ડર્ટી પિક્ચર' પછી અવ્વલ અભિનય માટે પંકાઈ ગઈ છે. પરંતુ 'બેગમ જાન'ના ટાઈટલ રોલમાં જ જાન નહીં હોવાથી વિદ્યા બાલનની બધી જ મહેનત સાવ એળે ગઈ છે. 'બેગમ જાન'ની પ્રેક્ષકોએ પ્રતિક્ષા કરી હોય તો તેનું એકમાત્ર કારણ વિદ્યા બાલન છે, પરંતુ દિશાહિન દિગ્દર્શન અને બહુકોણીય કથાનકને કારણે 'બેગમ જાન' જોયા પછી જાન જોખમમાં મૂકાયા જેવું અનુભવાય છે.

'બેગમ જાન'નું શૂટીંગ ઝારખંડ રાજ્યમાં ડુમકા જિલ્લામાં રાનીશ્વર બ્લોક વિસ્તારમાં થયું છે. લોકેશન ખૂબ જ નયનરમ્ય હોવા છતાં ગોપી ભગતની સિનેમેટોગ્રાફીએ લોકેશનની સુંદરતાની ક્યાંય પ્રતીતિ નથી કરાવી; એટલું જ નહીં અન્ય દશ્યો પણ ખૂબ જ ચીલાચાલુ પ્રકારે ઝીલ્યાં છે. સિનેમેટોગ્રાફી અને એડીટીંગ ટેકનિકલી પણ ભારત-પાકિસ્તાનના ભાગલા વેળાના કાળના હોય એવું ભાસે છે !!!

૧૯૫૮માં આવેલી ફિલ્મ 'ફિર સુબહ હોગી'નું ખય્યામ સાહેબે સંગીતબધ્ધ કરેલું સાહિર લુધિયાનવીએ લખેલું અને મુકેશ-આશાના સ્વરોમાં ગવાયેલું ખૂબ જ લોકપ્રિય ગીત 'વો સુબહ કભી તો આયેગી...' 'બેગમ જાન'નું થીમ સોન્ગ છે !!! સ્ત્રી પર બળજબરી કરવા જતો પુરૂષ પોતાની દીકરી કે માની વયની મહિલાના દિગંબર દેહનું દશ્ય જોઈ નથી શકતો અને પોતાના મનની મલિનતાને ત્યજી દે છે... પરાકાષ્ટાનાં આ દશ્યોને 'બેગમ જાન' સાથે શું નિસ્બત એ જો સમજાવી દે તો મુખરજી સાચા...! પરન્તુ અહીં આ શ્રીજીત મુખરજી 'શ્રીહાર મુખરજી' સાબિત થાય છે !

રાષ્ટ્રધ્વજ સંહિતાના નિયમ વિરૂધ્ધ મધરાતે પણ ફરકતા રહેલા તિરંગાની છત્રછાયામાં આજે પણ અબળા પર અત્યાચારો થઈ જ રહ્યાં છે. પશુ જેવા પુરૂષોથી બચવા આજે પણ બહેનો 'બેગમ જાન'ના સમયની પધ્ધતિઓ જ અપનાવે છે... આજે પણ આપણે 'વો સુબહ કભી તો આયેગી... વો સુબહ કો હમ હી લાયેંગે...'ની આશામાં જીવીએ છીએ એવા સંદેશ અને અંદેશા સાથે આવે છે ધી એન્ડ !!!

બે-જાન 'બેગમ જાન' બે ગમ આપી જાય છે ; વિદ્યા બાલનની બધી જ મહેનત પાણીમાં ગયાનો ગમ અને જેની અત્યંત આતુરતાપૂર્વક રાહ જોઈ હોય એવી ફિલ્મ આપણને દગો દઈ ગઈ હોવાનો ગમ... ફિલ્મના સમ, એ જ કારણે ફિલ્મને નિષ્ફળ કરાર દેવાઈ જાય છે.

| Begum Jaan | 1 2 3 4 5 6 7 8 9 10 |
|---|---|
| અભિનય | ██████ (approx. 5.5) |
| સ્ક્રીપ્ટ | ██ (approx. 2.5) |
| મ્યુઝિક | ███ (approx. 3.5) |
| ટેકનિક | ██ (approx. 2.5) |
| દિગ્દર્શન | ██ (approx. 2.5) |
| રેટિંગ | ★⯪☆☆☆ |